For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

૧૦૭ કરોડનું ટર્નઓવર ધરાવતા ઉદ્યોગપતિ સામે અપહરણ અને 10 લાખની ખંડણીનો ગુનો નોંધાયો

# આતંકનું બીજું નામ ચિરાગ ગોટી

**ચોકબજાર** પોલીસમાં ચિરાગ ગોટી, પિતા ઘનશ્યામ ગોટી અને ભાઈ નિરાંત ગોટી સહિત ૭ સામે ફરિયાદ

**યુવક** હાથ જોડીને માફી માંગતો રહ્યો, છતાં ચિરાગ લાફા ઝીંકતો રહ્યો

સુરત : શહેરના વેપારી આલમમાં ૧૦૭ કરોડના ટર્નઓવર સાથે મોટું ગ જુ ધરાવતા ઓઈલ કંપનીના માલિક ચિરાગ ગોટીના અત્યાચાર અને આતંકના સામ્રાજ્યનો આખરે અંત આવ્યો છે. વેડ રોડના એક જમીન દલાલનું ફિલ્મી ઢબે અપહરણ કરી, તેને ગોંધી રાખી માર માર્યા બાદ ૧૦ લાખની ખંડણી વસૂલવાની સનસનીખેજ ઘટનામાં ચોકબજાર પોલીસે ચિરાગ ગોટી, તેના પિતા ઘનશ્યામ ગોટી અને ભાઈ નિરાંત ગોટી સહિત ૭ શખ્સો સામે વધુ એક ગુનો નોંધી SOG પોલીસે તપાસનો ધમધમાટ તેજ કર્યો છે. ડ્રગ્સ કેસમાં ચિરાગ ગોટીની ધરપકડ બાદ તેની કરતૂતોના સીસીટીવી અને વિડીયો ફૂટેજ સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે, જે જોઈને કોઈ પણનું હૃદય કંપી ઉઠે છે. મળતી વિગતો અનુસાર, વેડ રોડની તૃપ્તિ સોસાયટીમાં રહેતા અને જમીન લે-વેચ સાથે સંકળાયેલા જીજ્ઞેશ મગનભાઈ વ્યાસ (ઉ.વ. ૩૬)

...અનુસંધાન પાના ૭ પર



**ગળગળા થઈ માફી માંગી છતાં માર માર્યો**

» જિજ્ઞેશ વ્યાસ ઘૂંટણિયે પડી, રડતાં રડતાં હાથ જોડી રહ્યા છે, તેમ છતાં નિર્દયતાથી તેમને લાફા ઝીંકી અસભ્ય વર્તન કરી રહ્યો છે.



**ગાદલા પર સૂવડાવી લાકડીના ફટકા**

» અન્ય એક વિડીયોમાં એક યુવકને ગાદલા પર ઊંધો સુવડાવી ચિરાગ લાકડીથી ઢોર માર મારતો નજરે પડે છે.



**જાહેરમાં ફાયરિંગ કર્યું**

» ગણેશોત્સવ જેવા ધાર્મિક પ્રસંગે પણ આ શખ્સ રિવોલ્વરથી હવામાં ચાર રાઉન્ડ ભડાકા કરતો હોવાના પુરાવા મળ્યા છે.



## ચિરાગ GST, CGST અને ITના અધિકારીઓને વિડીયોના આધારે બ્લેકમેલ કરતો હોવાની ચર્ચા

ચિરાગ ગોટીની શરણાગતિ બાદ એક પછી એક તેના કાંડ બહાર આવી રહ્યા છે. ત્યારે તેના મિત્ર વર્ગમાં એવી પણ ચર્ચાઓ થઈ રહી છે કે એક ફાર્મ હાઉસમાં અનેક વખત ચિરાગ GST, CGST અને IT ના કર્મી અને અધિકારીઓને પાર્ટી માટે બોલાવતો હતો. આ દરમિયાન તેમને મહિલાઓ સપ્લાઇ કરતો હતો. મહિલાઓ સાથેના અંગત પળોના વિડીયો બનાવી તેમને બ્લેકમેલ કરતો આવ્યો છે. પોલીસ પાસે આવા અનેક વિડીયો પહોંચ્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. પોલીસ વિડીયોના આધારે વધુ તપાસ કરશે તો અનેક રડારમાં આવવાની શક્યતાઓ સેવાઈ રહી છે. ચિરાગ અગાઉ શહેરના બે પોલીસ ઇન્સ્પેક્ટરનું એસીબી પણ કરાવી ચૂક્યો છે. તેમાંથી એક હાલ પોરબંદરમાં ફરજ બજાવે છે.

## ૨૩ કરોડ પડાવી લીધા હોવાનો આક્ષેપ

ભોગ બનનાર જિજ્ઞેશ વ્યાસે આક્ષેપ કર્યો છે કે, ચિરાગ ગોટીએ ડરાવી-ધમકાવી અને રિવોલ્વર બતાવી તેમની પાસેથી અંદાજે ૨૩ કરોડ રૂપિયા પડાવી લીધા છે. પ્લોટના સોદામાં વચેટિયો બની ચિરાગે માર મારીને મિલકતો પોતાના નામે કરાવી હોવાની વિગતો પણ બહાર આવી છે. આ ગેરકાયદે કૃત્યમાં કેટલાક મળતિયાઓની સંડોવણી હોવાની પણ આશંકા છે.

# CMAમાં ટોપ-50 AIRમાં સુરતના 18 વિદ્યાર્થીને સ્થાન

**સુરતના** વિદ્યાર્થીઓએ CMA ડિસેમ્બર-2025 પરીક્ષામાં રચ્યો નવો ઇતિહાસ

**ઇન્ટરમીડિયેટમાં** સુરતના 14 વિદ્યાર્થીઓ અને ફાઇનલમાં 4 વિદ્યાર્થીઓએ ટોપ-50માં સ્થાન મેળવ્યું



સુરતઃ ધ ઇન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એકાઉન્ટન્ટ ઓફ ઇન્ડિયા (ICMAI) દ્વારા લેવાયેલી CMA ઇન્ટરમીડિયેટ અને ફાઇનલ ડિસેમ્બર-2025ની પરીક્ષાના પરિણામો જાહેર થતાં જ સુરત શહેરમાં ખુશીની લહેર ફેલાઈ છે. સુરત અને વેસ્ટર્ન ઇન્ડિયા રિજન (WIRC) એ રાષ્ટ્રીય સ્તરે અભૂતપૂર્વ સફળતા મેળવી છે. સમગ્ર દેશના ટોપ-50 ઓલ ઇન્ડિયા રેન્કર્સમાં સુરતના 18 વિદ્યાર્થીઓએ સ્થાન મેળવીને નવો ઇતિહાસ રચ્યો છે.

માહિતી મુજબ, CMA ફાઇનલ પરીક્ષામાં સુરત સેન્ટર પરથી 199 વિદ્યાર્થીઓ પરીક્ષા માટે હાજર રહ્યા હતા, જેમાંથી 48 વિદ્યાર્થીઓ સંપૂર્ણ રીતે પાસ થયા છે. આ રીતે 24.12 ટકાનું નોંધપાત્ર પરિણામ નોંધાયું છે. જ્યારે CMA ઇન્ટરમીડિયેટ પરીક્ષામાં 863

...અનુસંધાન પાના 9 પર

## 7:30થી રાતે 11 સુધીનું શિડ્યુલ બનાવ્યું

પરિવાર અને બાળકોની જવાબદારી વચ્ચે પણ સવારે 7:30થી રાતે 11 સુધીનું શિડ્યુલ જાળવ્યું. સ્માર્ટ સ્ટડી અને 100 ટકા સમર્પણ જ મારી સફળતાનો મંત્ર રહ્યો.

» AIR 5 : દેશના જૈન

## મિત્રો કરતાં અભ્યાસને પ્રાથમિકતા આપી

"માર્ચથી 12 કલાકની સખત મહેનત અને મોડ્યુલ પરના ભરોસાએ મને આ સ્થાન સુધી પહોંચાડ્યું. પાર્ટીઓ અને મિત્રો કરતાં અભ્યાસને પ્રાથમિકતા આપી. પરિણામમાં 'Congratulations' સાથે રેન્ક જોવાનો ક્ષણ અવિસ્મરણીય હતો."

» AIR 17 : પલક અગ્રવાલ

## CMA ઇન્ટરમીડિયેટ (ટોપ-50)માં સ્થાન મેળવનાર સુરતના વિદ્યાર્થીઓ

દીપ ગજેરા (AIR 5), લોકેશ પાટીલ (AIR 6), જીનલ કોઠારી (AIR 13), ભાવિન વોરા (AIR 20), અદિતિ મુંધરા (AIR 24), મુદિત જૈન (AIR 35), ક્રિશ શર્મા (AIR 36), વિભૂતિ આધવ (AIR 39), શ્યામ લાહોટી (AIR 40), ધવલ શિયાળી (AIR 40), જીનય સંઘવી (AIR 43), સૌરભ પુરોહિત (AIR 46), વિનાયક લુહાર (AIR 48), અંકિત પાંડવ (AIR 49).



# ઉનમાં શ્વાનનો 2 વર્ષની માસૂમ બાળકી પર હુમલો

**બાળકીના** સાથળના ભાગે ઊંડું બચકું ભરી લીધું

**રમતી** બાળકી પાસે ત્રણ રખડતાં શ્વાનો ધસી આવ્યાં હતાં

સુરતઃ શહેરમાં રખડતા શ્વાનોની સમસ્યા દિવસેને દિવસે વધુ ગંભીર બની રહી છે. ફરી એકવાર ઉન વિસ્તારમાં એક નાનકડી બાળકી પર રખડતા શ્વાનોએ ઘાતક હુમલો કર્યો છે. મળતી માહિતી અનુસાર, ઉન વિસ્તારમાં આવેલી નૂર રેસિડેન્સીમાં રહેતી 2 વર્ષીય અયાત મુનફિદ સૈયદ આજે સવારે સોસાયટીના ગેટ પાસે રમી રહી હતી. તેના પિતા ટેમ્પો ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવે

...અનુસંધાન પાના ૭ પર

## CCTVમાં રૂંવાડા ઊભા થઈ જાય તેવાં દશ્યો કેદ થયાં

આ આખી ઘટના સોસાયટીના CCTV કેમેરામાં રેકોર્ડ થઈ ગઈ છે. વિડીયો જોતાં જ રૂંવાડા ઊભા થઈ જાય તેવો ભયાનક દ્રશ્ય છે, જેમાં શ્વાનો નાનકડી બાળકી પર કેવી રીતે તૂટી પડ્યા તે સ્પષ્ટ દેખાય છે. આ વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે અને લોકોમાં આક્રોશ ફેલાઈ રહ્યો છે.


૧૬મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ.રણછોડભાઈ મોરારભાઈ આહિર
સ્વ.તા.૧૩/૦૨/૨૦૧૦
ગામ : આસુંદર

વર્ષો વીતશે વીતશે કાળ અમાપ, હૈયાના કણ કણમાં છો સદાય સજીવન આપ, સાથ છોડીને સર્વનો વસ્યા પ્રભુને આવાસ, શાંતિ પામો સર્વદા એજ અમારી આશ. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ. ગં.સ્વ. દિવાળીબેન રણછોડભાઈ આહિર (પત્ની)
લલીતાબેન ભીખાભાઈ આહીર

| | |
|---|---|
| કિશોરભાઈ રણછોડભાઈ આહિર (પુત્ર) | ધનુબેન કિશોરભાઈ આહિર |
| રાકેશભાઈ રણછોડભાઈ આહિર (પુત્ર) | કલ્પનાબેન રાકેશભાઈ આહિર |
| વસંતભાઈ ભીખાભાઈ આહિર (ભત્રીજા) | જશુબેન વસંતભાઈ આહિર |
| હિતેષભાઈ ભીખાભાઈ આહિર (ભત્રીજા) | હિરલબેન હિતેષભાઈ આહિર |
| હાર્દિકકુમાર કિશોરભાઈ આહિર | ભૂમિકાબેન હાર્દિકકુમાર આહિર |
| બિમલભાઈ વસંતભાઈ આહિર | મેઘાબેન બિમલભાઈ આહિર |
| ધાર્મિકભાઈ કિશોરભાઈ આહિર | કૃતિકા ધાર્મિકભાઈ આહિર |

પૌત્ર : પ્રતિક, ભાવિક, ધ્યેય | પૌત્રી : પ્રિતિકા, નિધિ, શ્રીયા
ગામ : આસુંદર, તા. જલાલપોર, જી. નવસારી.

તૃતીય વાર્ષિક પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વ. જયંતિભાઈ ચીમનભાઈ પટેલ
જન્મ: ૧૯-૦૭-૧૯૬૨
સ્વર્ગવાસ: ૧૨-૦૨-૨૦૨૩

"પપ્પા, તમે તો ઈશ્વર પાસે ચાલ્યા ગયા, પણ અમને પિતા વગરના કરી ગયા..." "તમારા ગયા પછી હસવાનું તો શીખી ગયા, પણ ખુશ રહેવાનું કાયમ માટે છૂટી ગયું. ઘરની દરેક દીવાલ આજે પણ તમારી હાજરી શોધે છે. તમારી ખોટ કોઈ પૂરી શકશે નહીં. પપ્પા, તમારી બહુ જ યાદ આવે છે..." તૃતીય પુણ્યતિથિએ અશ્રુભીની વંદના

: લિ. :
ગં.સ્વ. સુનીતાબેન જયંતિભાઈ પટેલ (પત્ની)
જયકુમાર જયંતિભાઈ પટેલ (પુત્ર)
યામિની કમલભાઈ પટેલ (પુત્રી)
કમલભાઈ હરીશભાઈ પટેલ (જમાઈ)
કૃતિ ઝીલભાઈ પટેલ (પુત્રી)
ઝીલભાઈ ભૂપેન્દ્રભાઈ પટેલ (જમાઈ)
નિવાસસ્થાન: ૧૧૩, નાતાલી સ્ટ્રીટ, ગવિયર ગામ, ડુમસ રોડ, સુરત.

સાતમી પુણ્યતિથિએ અનાવિલ શ્રધ્ધાંજલિ



સ્વ. નીલીમાબેન રાજુભાઈ દેસાઈ
સ્વ. તા.૧૨-૦૨-૨૦૧૯

માર્ગ હતો ભૂલભલામણો, પથદર્શક બની ગયા તમે. આ કાંટાળા જીવનમાં પુષ્પ બની ગયા તમે. હતું જીવન અમારું પાનખર સમુ જેને વસંત બની ખિલવી ગયા તમે. પ્રેમ અને સ્મૃતિની સુગંધ પ્રસરાવી ગયા તમે. છોડી અમારે માટે સઘળું ત્યાગ અને સમર્પણની અમિટ છાપ છોડી ગયા તમે. પ્રેમ, વાત્સલ્ય અને સંસ્કારોનાં સંભારણાનો વારસો આપી ગયા તમે ધન્ય હો તમને પરમાત્મા તમ દિવંગત આત્માને ચિર શાંતિ અર્પે એજ પ્રાર્થના....

લિ.
રાજુભાઈ અંબેલાલ દેસાઈ

| | |
|---|---|
| દિપક અંબેલાલ દેસાઈ | વર્ષાબેન દિપકભાઈ દેસાઈ |
| રવિ રાજુભાઈ દેસાઈ | શ્રુતિ રવિ દેસાઈ |
| વિનિત રજનીકાંત દેસાઈ | પાર્થવી વિનિત દેસાઈ |
| ધિઆન રવિ દેસાઈ | દેવવ્રત રવિ દેસાઈ |

મીરાયા વિનિત દેસાઈ

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. નવિનચંદ્ર ગોરધનદાસ જગીવાલા
Rtd. Deputy Collector
જન્મ તારીખ : ૧૦/૧૧/૧૯૩૧
સ્વર્ગવાસ તારીખ : ૧૨/૦૨/૨૦૨૫



સ્વ. હસુમતિ નવિનચંદ્ર જગીવાલા
જન્મ તારીખ : ૦૬/૦૭/૧૯૩૨
સ્વર્ગવાસ તારીખ : ૧૪/૦૨/૨૦૨૫


જીવનનો આરંભ હોય છે તો અંત પણ નિશ્ચિત છે, પ્રકૃતિનો આ અવિચલ નિયમ હોવા છતાં કેટલીક વિદાય એવી હોય છે કે દિલને લાંબા સમય સુધી વ્યથિત રાખે છે.
પ્રભુ આપના પવિત્ર આત્માને ચિર શાંતિ આપે તેવી હાર્દિક પ્રાર્થના...

લિ.

| | |
|---|---|
| મનોજ નવિનચંદ્ર જગીવાલા | ભાવના મનોજ જગીવાલા |
| ડૉ. ભરતકુમાર દૂધવાલા | કામીની ભરતકુમાર દૂધવાલા |
| ચંદ્રેશ બી. કાપડીઆ | નિલાક્ષી ચંદ્રેશ કાપડીઆ (Rtd. Panchsheel Bank) |
| કૃપાલ મનોજ મહેતા | માનસી કૃપાલ મહેતા |
| કૃણાલ ગાંધી | ડૉ. કુંજલ કૃણાલ ગાંધી |
| નિસર્ગ ચંદ્રેશ કાપડીઆ | રૂચિ નિસર્ગ કાપડીઆ |
| ડૉ. પાર્થ ભરત કાપડીઆ | કિના પાર્થ કાપડીઆ |

આર્યા, પ્રિશા, રૂહારી, સમાયરા, કિસ્વી

ત્રીજી પૂણ્યતિથીએ હાર્દિક શ્રદ્ધાંજલિ



સ્વ.નવનીતલાલ રણછોડદાસ નાનાવેલાવાલા
સ્વ.તા.૧૨.૦૨.૨૦૨૩

અમારા જીવનનાં ઘડવૈયા તમે, તમારા જીવનથી ઉજ્જ્વળ અમે, તમારા સંસ્કારથી શોભતા અમે, એક પળ ન ભુલાશો તમે. તમે સદૈવ અમારી સાથે હતા, છો અને રહેશો......... પરમકૃપાળુ પરમાત્મા તમારા દિવ્ય આત્માને શાંતિ આપે.

લિ. ગં.સ્વ. ચંદ્રિકાબેન નવનીતલાલ નાનાવેલાવાલા

| | |
|---|---|
| ચંદ્રેશ નવનીતલાલ વેલાવાલા (પુત્ર) | જ્યોતિ ચંદ્રેશ વેલાવાલા (પુત્રવધૂ) |
| કૃષ્ણકાંત નવનીતલાલ નાનાવેલાવાલા (પુત્ર) | સેજલ કૃષ્ણકાંત નાનાવેલાવાલા (પુત્રવધૂ) |
| અનિલકુમાર ચીમનલાલ લોટવાલા (જમાઈ) | પુનમ અનિલકુમાર લોટવાલા (પુત્રી) |
| ચિરાગ ચંદ્રેશ વેલાવાલા (પૌત્ર) | ક્રિષ્ણા ચિરાગ વેલાવાલા (પૌત્રવધૂ) |
| આર્ય કૃષ્ણકાંન્ત નાનાવેલાવાલા (પૌત્ર) | ધ્રૂવી કૃષ્ણકાંન્ત નાનાવેલાવાલા (પૌત્રી) |
| અભિષેક નિલેષભાઈ આરીવાલા (જમાઈ) | નિકિતા અભિષેક આરીવાલા (પૌત્રી) |

ફર્મ : નાના ઉદ્યોગ
૯-માધવપાર્ક બંગલોઝ, પરશુરામ ગાર્ડન રોડ, રણછોડપાર્કની બાજુમાં, અડાજણ, સુરત

દુઃખદ અવસાન -સંયુક્ત બેસણું



સ્વ. લક્ષ્મીબેન લલ્લુભાઈ પટેલ
સ્વ.તા: ૧૦-૦૨-૨૦૨૬

દિલગીરી સહ જણાવવાનું કે મારી બહેન શ્રી લક્ષ્મીબેન લલ્લુભાઈ પટેલનું તા: ૧૦-૦૨-૨૦૨૬ મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું સંયુક્ત બેસણું શુક્રવારે તા. ૧૩-૦૨-૨૦૨૬ના રોજ સવારે ૧૦.૦૦ થી ૧૨:૦૦ દરમ્યાન નીચેના સ્થાને રાખેલ છે.
પ્રભુ એમના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.
નોંધ : લૌકિક રિવાજ બંધ છે. ફુલ, હાર, બિસ્કિટ લાવવા નહિ.

લિ.

| | |
|---|---|
| સ્વ.લલ્લુભાઈ હાસજીભાઈ પટેલ | ઉમેશભાઈ રતીલાલ પટેલ |
| રમેશભાઈ લલ્લુભાઈ પટેલ | મંચક રમેશભાઈ પટેલ |

જયેશ કનૈયાલાલ પટેલ(ભાણેજ જમાઈ)
તથા સમસ્ત પરિવાર
બેસણાનું સ્થળ : નવી વસાહત, સત્ય સાંઈ હોસ્પિટલ નજીક, નવનિર્માણ સ્કુલની સામે, અલથાણ.

દુઃખદ અવસાન - બેસણું



સ્વ. દિનેશકુમાર જમનાદાસ રાણીગા (ઓસ્ટ્રેલિયા નિવાસી)
સ્વ. તા. ૧૧-૦૨-૨૦૨૬

દિલગીરી સહ જણાવવાનું કે અમારા સ્વજન દિનેશકુમાર જમનાદાસ રાણીગાનું સુરત મુકામે અવસાન થયેલ છે. તેમની સ્મશાન યાત્રા તા. ૧૨-૦૨-૨૦૨૬ના રોજ સવારે ૯.૦૦ કલાકે એમના નિવાસસ્થાનેથી નીકળી રામનાથઘેલા સ્મશાનઘાટ જવા નીકળશે.
નિવાસસ્થાન : બી/૨, ૧૦૨, અવધ કોપર સ્ટોન, ડુમસ એરપોર્ટ રોડ, સુરત
સદ્દગતનું બેસણું તા.૧૩-૦૨-૨૦૨૬ના રોજ સવારે ૯.૦૦ થી ૧૦.૦૦ કલાકે શાંતિ મંગલ હોલ, સુમુલ ડેરી રોડ, સુરત ખાતે રાખેલ છે.

લિ.

| | |
|---|---|
| સ્વ. મનહરલાલ આત્મારામ ચોકસી (શ્વસુર) | પૂર્ણિમા દિનેશકુમાર રાણીગા (પત્ની) |
| અજય મનહરલાલ ચોકસી (સાળા) | જેસલ દિનેશકુમાર રાણીગા (પુત્ર) |
| બંકીમ મનહરલાલ ચોકસી (સાળા) | જેસીકા દિનેશકુમાર રાણીગા (પુત્રી) |

હાર્દિક શ્રદ્ધાંજલિ



સ્વ. ધનેશભાઈ ફકીરભાઈ પટેલ
જન્મ તા. 27/05/1966 - સ્વ. તા. 10/02/2026 - તિથિ: મહા વદ આઠમ

તમારૂં જીવન અમારી વચ્ચે નથી રહ્યું પરંતુ તમારી સ્મૃતિ હર હંમેશા અમારા હૈયે કોતરાયેલી રહેશે. અમોને આજીવન આપની ખોટ અનુભવાશે, જ્યાં સુધી જીવીશું ત્યાં સુધી હર પળે તમને યાદ કરતા રહીશું, પ્રભુ આપના આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લિ. સ્વ. ઈશ્વરભાઈ ડાહ્યાભાઈ પટેલ
ગં.સ્વ. હંસાબેન ડાહ્યાભાઈ પટેલ

| | |
|---|---|
| જયંતીભાઈ ઈશ્વરભાઈ પટેલ | સરોજબેન જયંતીભાઈ પટેલ |
| મુકેશભાઈ ઈશ્વરભાઈ પટેલ | ભારતીબેન મુકેશભાઈ પટેલ |
| જૈમીનકુમાર જયંતીભાઈ પટેલ | લેન્સી જૈમીનકુમાર પટેલ |
| પુકારકુમાર દોલતભાઈ પટેલ | રોશની પુકારકુમાર પટેલ |
| જશ મુકેશભાઈ પટેલ | નિષ્ઠા મુકેશકુમાર પટેલ |
| ધ્રુવીન જૈમીનકુમાર પટેલ | |
| ઝીયાન પુકારકુમાર પટેલ | |

ગામ- અલથાણ, સુરત

હાર્દિક શ્રદ્ધાંજલિ



સ્વ. ધનેશભાઈ ફકીરભાઈ પટેલ
જન્મ તા. 27/05/1966 - સ્વ. તા. 10/02/2026 - તિથિ: મહા વદ આઠમ

પરમકૃપાળુ પરમાત્મા દિવંગત આત્માને પરમ શાંતિ આપે એવી અમારી સૌની અંતઃકરણપૂર્વકની પ્રાર્થના
ૐ શાંતિ શાંતિ શાંતિ ૐ

| | |
|---|---|
| શંકરભાઈ ડાહ્યાભાઈ પટેલ | વાસંતીબેન શંકરભાઈ પટેલ |
| શશીકાંતભાઈ જગુભાઈ પટેલ | અનીતાબેન શશીકાંતભાઈ પટેલ |
| ધનસુખભાઈ જગુભાઈ પટેલ | સંગીતાબેન ધનસુખભાઈ પટેલ |
| બ્રિજેશભાઈ શંકરભાઈ પટેલ | રશ્મીબેન બ્રિજેશભાઈ પટેલ |
| ભાર્ગવ શશીકાંતભાઈ પટેલ | તોષા ભાર્ગવ પટેલ |
| જોબન શશીકાંતભાઈ પટેલ | સલોની જોબન પટેલ |
| દર્શક ધનસુખભાઈ પટેલ | દિવ્યા દર્શક પટેલ |
| હર્ષ બ્રિજેશભાઈ પટેલ | કૃતિ બ્રિજેશભાઈ પટેલ |

ગામ- અલથાણ, સુરત

ભાવભીની શ્રદ્ધાંજલિ




સ્વ. મોહનભાઈ પરભુભાઈ પટેલ
સ્વ.તા. ૦૯/૦૨/૨૦૨૬

મનુષ્ય જીવન મળવું એ ભાગ્યની વાત છે, મૃત્યુ થવુ એ સમયની વાત છે, પરંતુ મૃત્યુ પછી પણ લોકોના હૃદયમાં જીવિત રહેવું એ જીંદગીમાં કરેલા સારા કર્મોની વાત છે, તમો અમારા હૃદયમાં સ્મૃતિરૂપે કાયમ જીવિત છો, પ્રભુ તમારા આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.

| | |
|---|---|
| અમૃતભાઈ પરસોત્તમભાઈ પટેલ (બનેવી) | ઉષાબેન અમૃતભાઈ પટેલ (બેન) |
| અલ્પેશ અમૃતભાઈ પટેલ (ભાણેજ) | ઈશાની અલ્પેશ પટેલ (ભાણેજવહુ) |
| જયંતિભાઈ દયાળભાઈ પટેલ (ભાણેજ-જમાઈ) | ધર્મિષ્ઠા જયંતિભાઈ પટેલ (ભાણેજ) |
| ધર્મેશભાઈ મોહનભાઈ પટેલ (ભાણેજ-જમાઈ) | હેતલ ધર્મેશભાઈ પટેલ (ભાણેજ) |
| બિકેન મનોજભાઈ પટેલ | કરિના બિકેન પટેલ |

સ્વપ્નિલ, યુગ, હિયાન, વૃંદા



સ્વ. બાબુભાઈ લલ્લુભાઈ પટેલ
માજી અધ્યક્ષ, નગરપ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત

સાતમી પુણ્યતિથિએ સ્મરણાંજલિ
તમારી યાદો કદી ભુલાશે નહી.
ખોટ તામારી કદી પુરાશે નહી.

લિ.
ઉષાબેન બાબુભાઈ પટેલ (માજી ધારાસભ્ય)
કલ્પેશ બાબુભાઈ પટેલ / નિતિક્ષા કલ્પેશ પટેલ
કાંતિભાઈ લલ્લુભાઈ પટેલ
જયના - મિતેષ / પૂર્વી - કેયૂર
ક્રિષ્ના - યાવી



સ્વ. મગનભાઈ રતનજીભાઈ પટેલ
સ્વ. તા. ૮.૨.૨૦૨૬

દુઃખદ અવસાન / સંયુક્ત બેસણું
દિલગીરી સહ જણાવવાનુ કે અમારા પિતાશ્રી સ્વ. મગનભાઈ રતનજીભાઈ પટેલનું તા.૦૮/૦૨/૨૦૨૬ને રવિવારનાં રોજ દુઃખદ અવસાન થયેલ છે.
સદ્દગતનું બેસણું તા.૧૩/૦૨/૨૦૨૬ શુક્રવારના રોજ સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ કલાક દરમ્યાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.
નોંધ : (ફુલ પ્રથા, બિસ્કીટ પ્રથા, પોત પ્રથા તથા લૌકિક રિવાજ બંધ છે.)

લિ. ગં.સ્વ.ધનુબેન મગનભાઈ પટેલ

| | |
|---|---|
| કિશોરભાઈ મગનભાઈ પટેલ | અનિતાબેન કિશોરભાઈ પટેલ |
| જયેશભાઈ મગનભાઈ પટેલ | દક્ષાબેન જયેશભાઈ પટેલ |
| જનકભાઈ મગનભાઈ પટેલ | કલ્પનાબેન જનકભાઈ પટેલ |

તથા સમસ્ત પરિવાર
શ્વસુર પક્ષ
ચંપકભાઈ નરસીંહભાઈ પટેલ – મોહનભાઈ નરસીંહભાઈ પટેલ
જશવંતભાઈ નરસીંહભાઈ પટેલ – તથા સમસ્ત પરિવાર
નિવાસસ્થાન : બી-૭ જય જલારામ સોસાયટી, પીપલોદ, સુરત.

રાજપૂત અવસાન-સંયુક્ત બેસણું



સ્વ. રણજીતસિંહ પ્રભાતસિંહ રણા (છેડછા)
સ્વ. તા. ૧૧/૦૨/૨૦૨૬

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા ભાઈ/પિતાશ્રી રણજીતસિંહ પ્રભાતસિંહ રણા નુ દુઃખદ અવસાન નું તા. ૧૧/૦૨/૨૦૨૬ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
:: સદ્દગત નુ સંયુક્ત બેસણું ::
તા. ૧૩.૦૨.૨૦૨૬ શુક્રવાર ના રોજ સાંજે ૨ થી ૬ કલાક દરમિયાન અમારા નિવાસ સ્થાને રાખેલ છે.
લિ. જશવંતસિંહ પ્રભાતસિંહ રણા (ભાઈ)
હરેશકુમાર રણજીતસિંહ રણા (પુત્ર)
ધર્મેશકુમાર રણજીતસિંહ રણા (પુત્ર)
શ્વસુર પક્ષ :પ્રવિણસિંહ ગણપતસિંહ વરાછીયા
રાજેન્દ્રસિંહ પ્રતાપસિંહ વરાછીયા
નિવાસ સ્થાન : ૧૧/૧૨, નિજાનંદ પાર્ક, યુનિટી હોસ્પીટલ ની બાજુમાં, આઈ માતા રોડ, પરવત પાટીયા, સુરત.
મો. ૯૮૨૫૫૨૧૯૫૯

ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વ. રમેશભાઈ અંબુભાઈ પટેલ
સ્વ. તા. ૦૮/૦૨/૨૦૨૬

જીવનમાં હરપળ હસતા રહયા.
સ્નેહથી સૌના હૈયામાં વસતા રહયા.
તાંતણે બાંધ્યા પરિવારને, એક સંપની શીખ દેતા ગયા.
આપનું ઉદાર જીવન, ઉચ્ચ વિચારો, માયાળું સ્વભાવ, લાગણીશીલતા અમો જીવનભર ભુલશું નહિ.
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ અમારી પ્રભુને પ્રાર્થના..

લિ. બરબોધન સેવા સહકારી મંડળી
પ્રમુખશ્રી, ઉપપ્રમુખ
અને વ્યવસ્થાપક સમિતિના સભ્યો